અપીલ અરજી નં.૩૫૭ તા.૨૧–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈ ની તા.૨૪–૧–૧૧ની અરજી થી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ઘ.નં.૪/૩૬૦ વાળી મિલકતના ગેરકાયદેસર બાંધકામ બાબતે તા.૧૭–૫–૧૦ ના રોજ સબંધિત વિભાગના અધિકારીઓને વિગતવાર અરજી કરવામાં આવેલ આ અરજી બાબતે સંબધિત વિભાગના અધિકારીઓએ શું નિર્ણય કરવામાં આવેલ છે તે બાબતે રેકોડ મેન્યુલ આધારીત અભિપ્રાય આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૨૧–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૫૭/૨૦૧૦–૧૧.

શ્રી હેમંત એન. દેસાઈ ની તા.૨૪–૧–૧૧ની અરજીથી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ઘ.નં.૪/૩૬૦ વાળી મિલકતના ગેરકાયદેસર બાંધકામ બાબતે તા.૧૭–૫–૧૦ ના રોજ સબંધિત વિભાગના અધિકારીઓને વિગતવાર અરજી કરવામાં આવેલ આ અરજી બાબતે સંબધિત વિભાગના અધિકારીઓએ શું નિર્ણય કરવામાં આવેલ છે તે બાબતે રેકોડ મેન્યુલ આધારીત અભિપ્રાય આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ. ૧૬૫૪ તા.૧૮–૨–૧૧ થી આપેલ માહિતી ખોટી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલ ેટ ઓફિસરને તા.૨૧–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દાઓ અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૫૪ તા.૧–૩–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૮૩૯ તા.૧૮–૩–૧૧ થી અત્રેના વિભાગને પુરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારે તા.૧૭–૫–૧૦ ના રોજ કમિ.શ્રીને કરેલી અરજીની નકલ અને અરજદારને પાઠવેલ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૫૪ તા.૧૮–૨–૧૧ ના પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૪–૧–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ. ૧૬૫૪ તા.૧૮–૨–૧૧ થી " આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડ અનુસાર માહિતી આપવાની હોય છે કોઈ પણ જાતનો અભિપ્રાય આપવાનો હોતો નથી. " તેવું જણાવેલ છે. જેના સંદર્ભે અરજદારે જાહેર માહિતી અધિકારી તરફથી જે માહિતી આપવામાં આવેલ છે તે ખોટી છે તેવું જણાવી તા.૨૧–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ માહિતી આપવાને બદલે માંગણી મુજબના દસ્તાવેજો આપ્યા નથી અને માહિતી છુપાવ્યા હોવાની રજૂઆત કરેલ છે. આરટીઆઈ હેઠળ નિયમ અનુસારની માહિતી અપાવશો અને જોગવાઈઓના ભંગ બદલ કાનૂની હુકમ કરશો. અરજીના અનુસંધાને કાર્યવાહી ન કરી તે વાત પણ માનવામાં આવતી નથી અને ખરેખર નોટીસ આપવાની જવાબદારી સુરત મહાનગરપાલિકાની હોઈ જે છુપાવવામાં આવેલ છે. માંગેલ માહિતી વીજીલન્સ તેમજ કાર્યપાલક ઈજનેર તરફથી માહિતી મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે. અરજદારની મુળ અરજીની માંગણીમાં અરજદારને તા.૧૭–૫–૧૦ ના રોજ ગેરકાયદેસર બાંધકામ બાબતે કરેલી અરજીના સબંધિત શું નિર્ણય લેવામાં આવેલ છે તેનો રેકર્ડનો મેન્યુઅલ આધારીત અભિપ્રાય એટલે કે અરજી બાબતે રેકર્ડ આધારીત લીધેલ નિર્ણય, રીમાર્કસ કે શેરો અને થયેલ કાર્યવાહીની વિગતો અરજદારને પૂરી પાડવાની રહે. જે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ નથી. જે દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી અરજદારની તા.૧૭–૫–૧૦ ની અરજી અંગે થયેલ કે નહીં થયેલ કાર્યવાહી અંગેની દફતરી હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ જાહેર માહિતી અધિકારી વિરુધ્ધ પગલા ભરવાની કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગાંધીનગરને છે. તેથી તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી હાથ ધરવાની રહેતી નથી.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),.....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,